અપીલ અરજી નં.૪૦ તા.૫–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૩૦–૩–૧૦ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૫/૧૬ વાળી જગ્યા પર હંસ હોસ્પિટલ ચાલે છે. જેણે દરવાજો તેમજ સીડી સી.ઓ.પી. ની જગ્યા પર કાઢી અને સી.ઓ.પી. જગ્યા કેટલી બાંધકામમાં અંદર લેવા બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૦/૨૦૧૦–૧૧

શ્રી ગુલામભાઈ મેમણની તા.૩૦–૩–૧૦ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૫/૧૬ વાળી જગ્યા પર હંસ હોસ્પિટલ ચાલે છે. જેણે દરવાજો તેમજ સીડી સી.ઓ.પી. ની જગ્યા પર કાઢી અને સી.ઓ.પી. જગ્યા કેટલી બાંધકામમાં અંદર લેવા બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૭ તા.૧૭–૫–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ને તથા અરજદારને અપીલ અરજીમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ ન હોઈ આ સાથે સામેલ નિયત અપીલ ફોર્મ ભરી મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદારે પણ પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગતો અપીલ તબકકે અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩૦–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ સદર જગ્યા બાબતે ૨–૨–૧૦ ના રોજ આ.નં.૭૫૨૫ થી આરટીઆઈના જવાબ જણાવેલ છે હયાત બાંધકામના વધારાના બાંધકામની કોઈ મંજુરી લીધી નથી તો તેને કેમ તોડી પાડવામાં આવતું નથી. જેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૨ સદર બાંધકામમાં ભોંય તળીયે દવાની દુકાનનું સ્ટર બાબતે કોઈ મંજુરી મેળવેલ નથી. જે આપશ્રીનો જવાબ છે તે બાબતે મંજુરી લીધા વિના શટર બનાવેલ છે. તો તેને કેમ તોડવામાં આવતું નથી જેની માહિતી. મુદ્દા ં.૩ સદર બાંધકામમાં સીઓપીની જગ્યા પર કેટલાક ફુટ સુધીની જગ્યા પણ લઈ લેવામાં આવી છે તેને કેમ દુર કરવામાં આવતી નથી. મુદ્દા નં.૪ સીઓપીની જગ્યા પર સદર બાંધકામ વાળાએ દાદર બનાવેલ છે તેને કેમ દુર કરવામાં આવતો નથી. મુદ્દા નં.૫ સદર ગેરકાયદેસર બાંધકામ બાબતે તા.૧૧–૧૨–૦૯ ના રોજ આરટીઆઈ ધ્વારા જાણ કરેલ તો જુનીયર ઈજનેર વિઝીટ લીધી હતી કે નહીં જેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૬ સદર ગેરકાયદેસર બાંધકામ બાબતે જુનીયર ઈજનેર વિઝીટ લીધી હોય તો કયા પ્રકારના પગલા લીધા જેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૭ સદર ગેરકાયદેસર વધારાના બાંધકામનો ફોટો જોયતો હોય તો રજૂ કરીશું તે બાબતે પત્રથી જણાવશો. મુદ્દા નં.૮ સદર ગેરકાયેસર બાંધકામનું ખાતા ધ્વારા સંમતિ છે જેની માહિતી આપશો. તેવી માહિતીની માંગણી કરેલ છે. જે બાબતે સમય મર્યાદામાં માહિતી મળી નથી અને જવાબદાર અધિકારી સામે પગલા ભરવાની રજૂઆત કરતી તા.૫–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળઅરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,